અપીલ અરજી નં.૬૯૦ તા.૧૭–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હસમુખભાઈ ભગવાનદાસ ભગત
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખભાઈ ભગવાનદાસ ભગતની તા. ૧૭–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૨૦–૧૦–૦૬ના રોજ કામદારને ગેરકાયદેસર છુટા કરતાં ગુમાસ્તાધારા અમલ અંગે ફરીયાદ આપેલ તે ફરીયાદના અનુસંધાને નીરીક્ષણ કરેલ હોય તેની સર્ટીફાઈડ નકલ તથા આપની બન્ને પક્ષકારોને ખાસ નોટીસના અનુસંધાને કામદારો તથા માલિકના હાજર રહેલ તે સમયે લીધેલ નિવેદનોની સહી સાથેની સર્ટીફાઈડ નકલ તથા ઉપરોકત બંને સંસ્થાઓના ગુમાસ્તાધારા લાયસન્સની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૦ /૨૦૧૧–૧૨

શ્રી હસમુખભાઈ ભગવાનદાસ ભગતની તા. ૧૭–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૨૦–૧૦–૦૬ના રોજ કામદારને ગેરકાયદેસર છુટા કરતાં ગુમાસ્તાધારા અમલ અંગે ફરીયાદ આપેલ તે ફરીયાદના અનુસંધાને નીરીક્ષણ કરેલ હોય તેની સર્ટીફાઈડ નકલ તથા આપની બન્ને પક્ષકારોને ખાસ નોટીસના અનુસંધાને કામદારો તથા માલિકના હાજર રહેલ તે સમયે લીધેલ નિવેદનોની સહી સાથેની સર્ટીફાઈડ નકલ તથા ઉપરોકત બંને સંસ્થાઓના ગુમાસ્તાધારા લાયસન્સની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૧૧)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સી. ઝેડ/ એસ.એન્ડ.ઈ/ આઉટવર્ડ/ નં.૪૪૩ તા. ૩–૩–૧૨ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ મુદ્દા નં. ૩, ૧૦ તથા ૧૧ અંગે દફતરે ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ–નિકાલની વિગતો સહ સ્પષ્ટતા કરવા તેમજ વૈકલ્પિક દફતર–રજીસ્ટરે માહિતી ઉપલબ્ધ હોય તો વિગત મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૬૧ તા.૨૨–૩–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મૂળ માંગેલ માહિતીની , ફી ભર્યા સહિતની વિગતો મોકલવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદના નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૨ તા. ૩–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.ન.૪૪૩ તા.૩–૩–૧૨ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તા. ૮–૧૨–૦૬ ના સ્થળ નિરીક્ષણ નોંધની નકલ, પત્ર નં.એસ.એન્ડ.ઈ./૧૮૯ તા.૮–૧૨–૦૬ ના પત્રની નકલ, નમુના–એ ન.૪૨૬૨ ના ફોર્મની નકલ, તા.૬–૫–૯૫ ના ની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, ટેના નં.૦૪એ–૧૯–૦૫૭૧–૦–૦૦૧ ના વેરાબીલની નકલ, ટેના નં.૦ ૪એ–૧૯–૦૫૭૧–૦–૦૦૧–૦ ના વેરાબીલની નકલ, નોંધણી પ્રમાણપત્ર નં.૧૨૦૪૩–૧૨૦૪૪ –બી રજીસ્ટરની પાનાની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨–૪–૧૨ ના પત્રથી ફી ભર્યાની રસીદ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૭–૨–૧૨ ની અરજીથી હિમાંશી પ્રકાશચંદ્ર તાણાંવાલા, બીનીતા હરીવદન ઠે.૪/એ, ૧૧૭ ૪/એ, બેગમપુરા તુલશીફળીયા, હાથીવાલા કમ્પાઉન્ડ, સુરત આવેલ સંસ્થામાં કાપડ વણાટનો ઉદ્યોગ ચાલે છે સદર સંસ્થાઓમાં જાહેરમાં દેખાઈ તે પ્રમાણેના કોઈ પણ જાતના સાઈનબોર્ડ લગાવેલ નથી તથા મજુર કાયદા અન્વયે મળવાપાત્ર સાહીત્યો સંસ્થાના છાપેલા આપતા ન હતા અને તમામ સંસ્થાઓ વતી માલીક , ભાગીદાર વહીવટકર્તા અને પગારની ચૂકવણી કરનાર ચંદ્રવદન હાથીવાલા તથા રોહીતભાઈ કરતાં આવેલ છે જેઓની સંસ્થામાં

કામ કરતાં ૧૦ થી વધુ કામદારો જુદા જુદા હોદ્દા અને જુદા જુદા પગારથી કાયમી કામદારની હેસીયતથી ફરજ બજાવતા આવેલ તે પૈકી અમો અરજદારને કોઈ પણ જાતની નોટીસ કે નોટીસ ઓફ ચેઈન્જ આપ્યા વગર, ન્યાયી હકકો ચૂકવ્યા વગર એકાએક મનસ્વી રીતે તા.૨૦–૧૦–૦૬ ના રોજ નોકરીનો અંત લાવી છુટા કરેલ છે જે અંગે અમોએ મે. ગુમાસ્તાધારા નિરીક્ષકશ્રીને તા.૨૮–૧૧–૦૬ ના રોજ ફરીયાદ આપેલ અને કામદારોને નિમણુંક પત્ર , હાજરીકાર્ડ, પગાર સ્લીપ, ઓળખપત્ર કાર્ડ, બોનસ હકક રજા વિગેરે સાહિત્યો ગુમાસ્તાધારા તથા લઘુત્તમ વેતનધારા હેઠળ તથા અન્ય મજુર કાયદા હેઠળ આપવાના હોય છે તથા ઓવરટાઈમ આપવામાં આવે છે કે કેમ? અને કાયદાઓનો અમલ કરે છે કે નહી અને તે અંગે કાયદાના ભંગ બદલ કયા કયા કાયદાઓનો ભંગ કરેલ છે અને કયા કયા કાયદા હેઠળ કઈ કઈ કલમો હેઠળ કેસ કરેલ છે અને કામદારોને નોકરીમાં પુનઃ સ્થાપિત થવા અંગે ફરીયાદ આપેલ, જેના અનુસંધાને આજ દિન સુધી મે. ગુમાસ્તાધારા નિરીક્ષકશ્રી તરફથી અમોને કોઈ પણ જાતની કરેલ તપાસ અંગે કે જવાબ મળેલ નથી જેથી અમારે આરટીઆઈ હેઠળ અરજી કરવાની જરૂર પડી છે તેવું જણાવી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૪૪૩ તા. ૩–૩–૧૨ થી સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે અરજદારની અરજીના મુદ્દા નં.(૧) તા. ૨૦–૧૦–૦૬ના રોજ કામદારને ગેરકાયદેસર છુટા કરતાં ગુમાસ્તાધારા અમલ અંગે ફરીયાદ આપેલ તે ફરીયાદના અનુસંધાને નીરીક્ષણ કરેલ હોય તેની સર્ટીફાઈડ નકલ તથા આપની બન્ને પક્ષકારોને ખાસ નોટીસના અનુસંધાને કામદારો તથા માલિકના હાજર રહેલ તે સમયે લીધેલ નિવેદનોની સહી સાથેની સર્ટીફાઈડ નકલ તથા ઉપરોકત બંને સંસ્થાઓના ગુમાસ્તાધારા લાયસન્સની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એ તા.૨૦–૧૦–૦૬ ના રોજની કામદારની અરજીના અનુસંધાને તા.૮–૧૨–૦૬ ના રોજ તપાસ કરવામાં આવે છે. બી–તા.૮–૧૨–૦૬ ના રોજ બંને પક્ષકારોને "ઘણુ અગત્યનું પત્ર પાઠવવામાં આવેલ છે. સી– તા.૧૪–૧૨–૦૬ ના રોજ નિવેદન લેવામાં આવેલ છે. ડી– ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રની નકલ રેકર્ડ ઉપર રાખવામાં આવતી ન હોવાથી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલના આધાર તરીકે (બી) મા બંને પક્ષકારોને નોટીસમાં જણાવેલ તારીખે ગુમાસ્તા ધારા નિરીક્ષક સમક્ષ હાજર થાય છે ત્યારે બંને પક્ષકારોની વિગતે નોંધ લઈ સહી કરાવે છે જેની નકલ ગુમાસ્તાધારા નિરીક્ષકના દફતરે હોવા છતાં અમોને જાણીબુઝીને આપેલ નથી. જે અમોને મળવી જોઈએ અને તે નોંધ ન આપવા માટેના કોઈ ચોકકસ કારણો પણ જણાવેલા નથી. અરજદારની મુદ્દા નં.૧ પૈકી બંને પક્ષકારોને પાઠવેલ પત્ર પાઠવેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેની નકલ અરજદારે માંગણી કરેલ છે અને તે નહીં મળ્યાની અપીલ તબકકે રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ સદર નકલ બાબતે દફતરી ઉપલબ્ધ બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી તેથી જો માહિતી દફતરે ઉપલબ્ધ હોય તો અરજદારને પૂરી પાડવાની રહે અથવા તો દફતર પર ઉપબ્ધ નથી તેવી વિગત જણાવવાની રહે. તથા (ડી) માં ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રની નકલ રેકર્ડ ઉપર રાખવામાં આવતી ન હોવાથી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પરંતુ ખરી હકીકતે ગુમાસ્તાધારાના નોંધણી પત્રકમાં જે વિગતો લખેલી હોય તે ગુમાસ્તાધારા રેકર્ડ પર હોય જ છે અને તેનો નબંર પણ લખેલા હોય છે તે આધારે જ નોંધણી પ્રમાણપત્ર બનાવી આપવામાં આવે છે ત્યારે લાયસન્સ નંબર પણ આપવામાં આવે છે તેવી પણ કોઈ વિગતો અમોને આપવામાં આવેલ નથી અને જાણીબુઝીને માલીકને સહકાર આપવાના બદઈરાદે આવી માહિતી અમોને પૂરી પાડેલ નથી. જે મેળવવા અમોએ આ અપીલ કરેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને ગુમાસ્તા નોંધણી પ્રમાણપત્રની નકલ રેકર્ડ ઉપર રાખવામાં આવતી ન હોવાથી ઉપલબ્ધ નથી તેવી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં પૂરક વિગતોમાં અરજદારને મુદ્દા નં.ડી બાબતે માહિતી પૂરી પાડવા જણાવેલ છે. ગુ.ધારા નોંધણી પ્રમાણપત્રની નકલ સંસ્થાને માલિકને આપવામાં આવતી હોય તેનો ઉતારો ગુમાસ્તાધારા કચેરીના બી રજીસ ટરમાં રાખવામાં આવે છે જેની નકલ જાહેર માહિતી અધિકારીએ અત્રે રજૂ કરેલ છે પરંતુ અરજદારને પૂરી પાડયાનું જણાવેલ નથી. નોંધણીપ્રમાણપત્રની બીજી નકલ રાખવામાં આવતી ન હોય દફતરી ઉપલબ્ધ રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૨) અરજદારોના કયા ખાતામા નામ લખવામાં આવે છે તે અંગે નિરીક્ષણ કરેલ તેની નોંધ તેમજ હાજરી પત્રક તથા પગાર પત્રક રજા રજીસ્ટર, ઓળખપત્ર રજીસ્ટર, વિગેરે ચેક કરેલ હોય તે અંગેની નિરીક્ષણ નોંધની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ્થળ નિરીક્ષણ સમયે અરજદાર કામદાર શ્રી મનહર અમૃતલાલ હિંમાશી પ્રકાશચંદ્ર નામની સંસ્થામાં તથા હસમુખ ભગવાનદાસ બીનીતા હરવદન નામની સંસ્થામાં કામ કરી ગયેલ હોવાનું જણાયેલ. બી– ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૩) સંસ્થામાં લાયકાત ધરાવતા કામદારોનો વીમા પત્રક–એ રજીસ્ટર નિરીક્ષણ કરેલ તે માહિતીની સ ર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વીમાપત્રક–એ રજીસ્ટર દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલના આધાર તરીકે જવાબમાં

વીમા પત્રક–એ રજીસ્ટર દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે પરંતુ ખરી હકીકતે સામાવાળા સંસ્થામાં કામદારોના વીમા ઉતરાવવાના હોય છે તેનું ફોર્મ પણ આપના રેકર્ડ પર હોય છે જેમાં વિવિધ પ્રકારની વિગતો દર્શાવેલ હોય છે તે ફોર્મની નકલ સંસ્થામાં કામ કરતાં કામદારોનો વીમો ઉતારાવેલ છે કે કેમ? તેની પણ નિરીક્ષણ કર્યાની કોઈ નોંધ અમોને મળેલ નથી. વધુમાં અમો કામદાર તરફે તા.૮–૧૨–૦૬ ના રોજ ફરીયાદ આપી ત્યારે જે તે સમયના ગુમાસ્તાધારા નિરીક્ષકશ્રીને કાયદાના અમલ અંગે અને સંસ્થામાં કામ કરતાં કામદારોને ગુમાસ્તાધારા અન્વયે મળવાપાત્ર લાભો અને હકકો મળે છે કે કેમ અને ગુમાસ્તાધારાનો અમલ થાય છે કે કેમ તે અંગે ફરીયાદ આપેલ ત્યારે અમોએ (૧) હીમાંશું પ્રકાશચંદ્ર તાણાવાલા (૨) બિનીતા હરીવદનના નામે ફરીયાદ આપેલ જે અંગે નામદાર કોર્ટમાં મેટર સબજયુડીસ છે ત્યાર બાદ સામાવાળા સંસ્થાના "એ" ફોર્મની નકલ અને તે સાથે રજૂ કરવામાં આવતા તમામ જરૂરી દસ્તાવેજોની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સદર બંને સંસ્થાઓની તા.૮–૧૨–૦૬ ના રોજ તપાસ કરી સ્થળ નિરીક્ષણ નોંધ આપવામાં આવેલ જેમાં સંસ્થાના માલિકને તા.૧૪–૧૨–૦૬ ના રોજ સંસ્થાના દફતરનું નિરીક્ષણ કરેલ જણાવેલ. જે રજુ ન કરતાં હિંમાશી પ્રકાશચંદ્ર નામની સંસ્થાના માલિક (નોધણી પ્રમાણપત્ર) સી.ઝેડ/સી/૪/૧૨૦૪૪) વિરુધ્ધ મ્યુ. નામદાર કોર્ટમાં શોપ કેસ નં.૧૩૭ /૦૭ થી ગુજરાતની દુકાનો અને સંસ્થાઓના (કર્મચારી જીવનવીમા અધિનિયમ હેઠળ કલમ–૬(૪) ૧૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવેલ છે જેથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તથા બિનીતા હરિવદન નામની સંસ્થાના માલિક (નોધણી પ્રમાણપત્ર નં.સી.ઝેડ/સી/૦૪/૧૨૦૪૩ વિરુધ્ધ તપાસ કરતાં સંસ્થામાં કર્મચારી જીવન વીમા અધિનિયમ–૧૯૮૦ હેઠળ લાયકાત ધરાવતા કામદારો સંસ્થામાંથી મળી આવેલ ન હોય વીમો ફાળો ભરવાનો રહેતો ન હોય વીમા રજીસ્ટર "એ" નિરીક્ષણ માટે રજૂ કરવા જણાવેલ ન હતું જેથી ઉપલબ્ધ નથી. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારની વીમા નિરીક્ષણ બાબતેની વિગતો પૂરી પાડેલ હોય તે અંગે કોઈ તકરાર નથી. અરજદારે અત્રે રજૂ કરેલ નમુના –એ ફોર્મ તથા તેની સાથે દસ્તાવેજી પુરવાઓની માંગણી કરેલ છે જે પૈકી જાહેર માહિતી અધિકારીએ અત્રે નમુના–એ હિંમાશીબેન તાણાવાલાનું તા.૨૦–૬–૯૬ ની નકલ રજુ કરેલ છે. તથા તેનું વેરાબીલની નકલ રજૂ કરેલ છે. જે અરજદારને પૂરી પાડવાની રહે.

મુદ્દા નં.(૪) કામદારોને મજુર કાયદા અન્વયે તથા ગુમાસ્તાધારા હેઠળ જાહેરમાં દેખાઈ તે પ્રમાણે સાઈન બોર્ડ લગાવતા હતા કે કેમ? તેની નિરીક્ષણ નોંધ તથા મળવાપાત્ર સાહિત્યો જેવા કે હાજરીકાર્ડપગાર સ્લીપ, ઓળખપત્ર કાર્ડ, કામદારોને આપવામાં આવે છે કે કેમ? તથા વાર્ષિક મળવાપાત્ર હકરજા , માંદગીની રજા ચૂકવતા હતા કે કેમ? અને તે અંગેના રજીસ્ટરો બનાવે છે કે કેમ? તે અંગે નિરીક્ષણ કરેલ માહિતીની સર્ટીફાઈડ નકલ.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એ–સ્થળ નિરીક્ષણ સમયે સંસ્થામાં સાઈન બોર્ડ પ્રદર્શિત કરેલ ન હતું બી– ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદાં નં. (૫) સામાવાળા એ વીઝીટબુક રાખવાની હોય છે આપ સાહેબે કેટલી વિઝીટ કરેલ અને તેમાં શું શું નોંધ કરવામાં આવેલ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદાં નં.૬ સામાવાળા વિરુધ્ધ કયા કયા કાયદાના ભંગ બદલ કેસો કરેલા છે તે કે નંબર સહિતની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હિમાંશુ પ્રકાશચંદ્ર નામની સંસ્થા વિરુધ્ધ કલમ–૬૨(બ) , ૫૧, ૬૨ (અ) (૨), ૧૪(૧)૧૫(૧), ૧૭,૩૫ (૨),૬૬, ૬(૪), ૧૬, ૨૩(૫), ૨૩(૭) થી શોપ કેશ નં.૧૩૭/૦૭ થી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તથા બીનીતા હરિવદન નામની સંસ્થા વિરુધ્ધ કલમ–૬૨(બ), ૫૧, ૬૨(અ)(૨), ૧૪(૧), ૧૫(૧), ૧૭ , ૩૫ (૨), ૬૬,૨૩ (૫), ૨૩(૭) શોપ કેશ નં.૧૩૮/૦૭ થી ફરીયાદ દાખલ કરવામાં આવે છે. બી– ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) સામાવાળા વિરુધ્ધ કોના નામે કેસ કરેલ તે કોર્ટ કેસની સ ર્ટીફાઈડ નકલ, માલિકના નામ સરનામા તથા ગુના બદલ કોને દંડ ભર્યો છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હિંમાશી પ્રકાશચંદ્ર નામની સંસ્થાના માલિક શ્રી હિંમાશી પ્રકાશચંદ્ર તાણાવાલા વિરુધ્ધ કેસ દાખલ કરેલ છે જેનું સરનામું –૪/૧૧૭૪એ, ભો.ત. હાથીવાલા સિલ્ક મિલ્સ ચિડીયાકુઈ બેગમપુરા સુરત ખાતે છે તથા બીનીતા હરીવદન નામની સંસ્થાનામાલિક શ્રી બીનીતા સુરત ખાતે છે તથા બીનીતા હરીવદન નામની સંસ્થાના માલિક શ્રી બીનીતા હરીવદન લાલવાલા વિરુધ્ધ કેસ દાખલ કરેલ છે જેનું સરનામું ૪/૧૧૭૪ એ, ૧૧૮૬ હાથીવાલા સીલ્ક મીલ્સ કંમ્પાઉન્ડ , તુલસી ફળીયા બેગમપુરા સુરત છે. કોર્ટ કેસની સર્ટી નકલ તેમજ કોને દંડ ભર્યો તે બાબતની માહિતી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ સામાવાળા સંસ્થાના માલિકે કામદાર તરીકે આપ સાહેબ સમક્ષ આવેલ ફરીયાદના અનુસંધાને સામાવાળા એ ફરીયાદ બાબતે કોઈ વાંધા વિરોધ કે લેખિત અરજી આપી હોય તો તેની સર્ટીફાઈડ નકલ અને વિઝીટ સમયે સંસ્થામાં કામદારોને રૂબરૂ મળી લીધેલા નિવેદનોની કે નોંધની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. તપાસ સમયે સંસ્થામાં કામદારોને રૂબરૂ મળેલ કામદારોનું નિવેદન સ્થળ નિરીક્ષણ નોંધમાં સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ આપ સાહેબને ફરીયાદ આપેલ તેના અનુસસંધાને બંને પક્ષકારોને આપની સમક્ષ હાજર રહેવા ખાસ અગત્યની નોટીસ મોકલાવેલ તે બંને પક્ષકારો આપ સાહેબ સમક્ષ હાજર રહેલ તે સમયે બંને

પક્ષકારોની સહી તથા નિવેદન લીધેલ તથા તે અંગે જરૂરી નિર્ણય લીધેલ તેની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા. ૧૪–૧૨–૦૬ નું બંને પક્ષકારો હાજર રહેતા તેનું નિવેદન સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ પેરા –૧ માં જણાવેલ બંને સંસ્થાઓના એ–ફોર્મની સર્ટીફાઈડ નકલ તથા નોંધણી સમયે જે કોઈ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ હોય તેની સર્ટીફાઈડ નકલ, ગુમાસ્તાધારાના લાયસન્સોની સર્ટીફાઈડ નકલો આપવા હુકમ ફરમાવશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં સદર સંસ્થાની નોંધણી તા.૧૯–૭–૦૭ થી રદ કરાવવામાં આવેલ છે. ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રની નકલ રેકર્ડ ઉપર રાખવામાં આવતી ન હોવાથી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલના આધાર તરીકે (૧) હિમાંશુ પ્રકાશચંદ્ર તાણાવાલા (૨) બિનીતા હરીવદનની નોંધણી તા.૧૯–૭–૦૭ ના રોજ રદ થયેલ છે તેની વિગત આપી શકાય નહી તેમ જણાવેલ છે આ બાબતે તેઓએ કોઈ ખરેખર સાચી હકીકત રદ થયેલ નોંધ કયા કારણસર રદ થયેલ છે તેવા કોઈ કારણો અને કયારે રદ થઈ છે તેના ચોકકસ કારણો , રદ કરવા આપેલ અરજી તેવી કોઈ વિગતો રેકર્ડ પર ઉપલબ્ધ હોવા છતાં માલીકની તરફેણમાં અને તેને સહકાર આપવાના હેતુથી અમોને આપી નથી અમોએ અરજીમાં જણાવેલ બંને સંસ્થાઓના "એ" ફોર્મની નકલ તથા તેની સાથે જે કોઈ જરૂરી દસ્તાવેજો હોય જેવા કે સદર મિલ્કત પોતાની હતી કે ભાડાની હતી વિગેરે વિવિધ પ્રકારના દસ્તાવેજો રજૂ કરવાના હોય છે તેવા કોઈ દસ્તાવેજો અમોને માંગ્યા મુજબની આપેલ નથી કે તેવી માહિતી ન આપવાના કોઈ ચોકકસ કારણો પણ જણાવેલ નથી જો માંગેલ દસ્તાવેજોનો નાશ કરેલ હોય તો તે અગેની પણ કોઈ વિગત કે માહિતી અમોને આપેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતમાં સદર બાબતે અરજદારને મુદ્દા નં.૧ બાબતે એબીસીડીથી જવાબ પાઠવવામાં આવેલ છે અરજદાર ને ગુમાસ્તાધારા લાયસન્સની સર્ટી નકલ માંગેલ છે જે બાબતે કચેરીના રેકર્ડ ઉપર નોંધણી પ્રમાણપત્રની બીજી નકલ રેકર્ડ ઉપર રાખવામાં આવતી ન હોવાથી ઉપલબ્ધ નથી વધુમાં અરજદારે મુદ્દા નં.૧ માં નોંધણી પ્રમાણપત્ર મેળવતી વખતે સંસ્થાઓના "એ" ફોર્મની વિગત તથા પુરાવાની માંગણી કરેલ છે જે બાબતે હિંમાશી પ્રકાશચંદ્ર (નોધણી પ્રમાણપત્ર) સી.ઝેડ/સી/૪/૧૨૦૪૪) નામની સંસ્થાનું "એ" ફોર્મ રજૂ કરેલ છે. વધુમાં બીજી સંસ્થા બિનીતા હરિવદન (નોધણી પ્રમાણપત્ર) સી.ઝેડ/સી/૪/૧૨૦૪૩) નામની સંસ્થાનું "એ" ફોર્મ ની નકલ રેકર્ડ ઉપર મળી આવેલ ન હોય ઉપલબ્ધ નથી. પરંતુ આ બાબત સદર સંસ્થાની નોંધ (બી–રજીસ્ટર) માં કરવામાં આવેલ છે જે બી રજીસ્ટરની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદારને તેની વિગતો આપેલ નથી.

મુદ્દા નં.(૧૧) હાલ સંસ્થા ચાલુ છે કે બંધ જો સંસ્થા બંધ કરી હોય તો સંસ્થાનું લાયસન્સ રદ કર્યાની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી રેકર્ડ જોતાં સદર સંસ્થાની નોંધણી તા.૧૯–૭–૦૭ ના રોજ રદ કરાવવામાં આવેલ છે. ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં સંસ્થા રદ કરાવવામાં આવેલ હોય નકલ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. વધુમાં સંસ્થાના સરનામા પર હાલ સંસ્થા ચાલુ છે તેની પણ "એ" ફોર્મની નકલ તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજોની નકલ પણ અમોને આપેલ નથી. બંને સંસ્થાની માલીકની તરફેણમાં અને તેને સહકાર આપવાના હેતુથી કોઈ માહિતી આપેલ નથી કે તેના કોઈ કારણો પણ જણાવેલ નથી. જે અમોએ માંગેલ માહિતી અમોને મળવી જરૂરી છે. અરજીના પેરા નં.૪ માં બંને સંસ્થાના માલીકો કામદારોના હાજરીપત્રક, પગારપત્રક, હકકરજા, રજીસ્ટર, ઓળખપત્ર, રજીસ્ટર નિભાવે છે કે કેમ? અને તે અંગે કામદારોને હાજરીકાર્ડ, પગારસ્લીપ, ઓળખપત્ર કાર્ડ આપે છે કે કેમ? તે અંગેના નિરીક્ષણ નોંધની નકલ પણ અમોને મળેલ નથી જે નિરીક્ષણ નોંધ ઉપલબ્ધ હોવા છતાં દફતર ઉપલબ્ધ ન હોય તેના કોઈ ચોકકસ કારણો જણાવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતમાં દફતરી રેકર્ડ જોતાં સદર સંસ્થાની નોંધણી તા.૧૯–૭–૦૭ ના રોજ રદ કરવામાં આવેલ છે તે મુજબ જવાબ આપવામાં આવેલ છે. વધુમાં અરજદારે માંગેલ લાયસન્સ રદ કર્યાની સર્ટી નકલ બાબતે જણાવવાનું કે નોધણી પ્રમાણપત્ર રદ કરાવવા, રદની પહોંચ જે તે સંસ્થાના માલિકને આપવામાં આવે છે તેની બીજી નકલ ઓફિસના દફતરી રેકર્ડ ઉપર રાખવામાં આવતી નથી. વધુમા સંસ્થા રદ કર્યા બાબતની નોંધ ઓફિસની કચેરીના ડી રજીસ્ટરમાં કરવામાં આવેલ છે. પરંતુ અરજદારને તેની વિગતો જણાવેલ નથી.

અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩–૩–૧૨ ના રોજ આપવામાં આવેલ માહિતી પૈકી જવાબના મુદ્દા નં.૧ માં એ થી સી, મુદ્દા નં.૨ માં એ થી બી, મુદ્દા નં.૪,૫,૬,૭,૮,૯, માં જણાવેલ માહિતી અમોને સ્વીકાર્ય છે. તે સિવાયના મુદ્દા નં.૧ (ડી), ૩,૧૦ અને ૧૧ બાબતે અરજદારે અપીલમાં કરેલ રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જરૂરી પૂર્તતા કરવામાં આવેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જે અંગે પૂર્તતામાં જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ હકીકતો જણાવેલ છે પરંતુ તે માહિતી અરજદારને પૂરી પડાયેલ હોય તેવું જણાતું નથી. આથી અરજદારને મુદ્દાનં ૧(ડી), ૩, ૧૦ અને ૧૧ મુજબની અત્રે ફરીયાદ હકીકતમાં જણાવેલ મળેલ–એ ફોર્મ તથા તેની સાથેનું વેરાબીલ તથા બી રજીસ્ટર મુજબ ગુમાસ્તાધારાની દફતરી ઉપલબ્ધ ઉતારાની નોંધની વિગતો અરજદારને પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૩–૧૨ ધ્યાને લેતાં ૧૫–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૦–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં ૧(ડી),૩,૧૦ અને ૧૧ મુજબની અત્રે ફરીયાદ હકીકતમાં જણાવેલ મળેલ–એ ફોર્મ તથા તેની સાથેનું વેરાબીલ તથા બી રજીસ્ટર મુજબ ગુ. ધારાની દફતરી ઉપલબ્ધ ઉતારાની નોંધની વિગતો અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હસમુખભાઈ ભગવાનદાસ ભગત,